
# મત આપવા માટે તમારી આઈડી તૈયાર રાખો

## તમારી ઓળખ અને સરનામું સાબિત કરવા માટેના ત્રણ વિકલ્પો

**વિકલ્પ 1**



### ID (ઓળખપત્ર) માટે આમાંથી એક દેખાડો

- તમારું ડ્રાઈવિંગ લાઈસન્સ
- કેનેડિયન સરકારે (ફેડરલ (સંઘીય), પ્રોવિન્સિયલ (પ્રાંતીય)/ટેરિટોરિયલ (પ્રાદેશિક) કે લોકલ (સ્થાનિક) આપેલું બીજુ કોઈ કાર્ડ જેમાં તમારો ફોટો, નામ અને હાલનું સરનામું હોય

**વિકલ્પ 2**



\+



### ID (ઓળખપત્ર) માટે આમાંથી કોઈ બે દેખાડો

બંનેમાં તમારું નામ અને ઓછામાં ઓછાં એકમાં તમારું હાલનું સરનામું અચૂક હોવું રહ્યું

**ઉદાહરણો:**

- વોટર ઈન્ફર્મેશન (મતદાતા માહિતી) કાર્ડ અને બેંક સ્ટેટમેન્ટ
- યુટિલિટી (ઉપયોગિતા) બિલ અને સ્ટુડન્ટ ID (વિદ્યાર્થી ઓળખ) કાર્ડ

**શું તમારી પાસે આ નથી? કોઈ સમસ્યા નથી!**
**વિકલ્પ 2 માટે સ્વીકાર્ય ID ની યાદી નીચે જુઓ**

| D'un gouvernement ou d'un organisme gouvernemental | સરકાર કે સરકારી સંસ્થાનું |
|---|---|
| • carte de membre d'une bande | • બેન્ડ સભ્યપદ કાર્ડ |
| • certificat de naissance | • જન્મ પ્રમાણપત્ર |
| • carte ou certificat de citoyenneté canadienne | • કેનેડિયન સીટીઝનશિપ (નાગરિકતા) કાર્ડ કે સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) |
| • carte d'identité des Forces canadiennes | • કેનેડીયન ફોર્સેસ ઓળખપત્ર |
| • passeport canadien | • કેનેડિયન પાસપોર્ટ |
| • carte délivrée par une autorité locale inuite | • ઇનુઇટ સ્થાનુક સત્તા દ્વારા જારી ઓળખપત્ર |
| • permis d'arme à feu | • ફાયરઆર્મ લાયસન્સ |
| • chèque ou talon de chèque du gouvernement | • સરકારી ચેક અથવા ચેક સ્ટબ |
| • relevé de prestations du gouvernement | • બેનિફિટ્સનો સરકારી સ્ટેટમેન્ટ |
| • carte d'assurance-maladie | • હેલ્થ કાર્ડ |
| • avis de cotisation d'impôt sur le revenu | • આવકવેરા આકારણી |
| • carte de statut d'Indien ou confirmation temporaire de l'inscription | • ઈન્ડિયન સ્ટેટસ કાર્ડ અથવા ટેમ્પરરી રજીસ્ટ્રેશન કન્ફર્મેશન (નોંધણીની હંગામી મંજૂરી) |
| • carte de bibliothèque | • લાઇબ્રેરી કાર્ડ |
| • permis ou carte de pêche, de piégeage ou de chasse | • માછીમારી, ફસાઈ અથવા શિકાર માટે જારી લાયસન્સ અથવા કાર્ડ |
| • carte d'identité d'une régie des alcools | • લિકર ઓળખપત્ર |
| • carte de Métis | • મેટિસ કાર્ડ |



Elections Canada

| | |
|---|---|
| • carte de la Sécurité de la vieillesse | • ઓલ્ડ એજ સિક્યૂરિટિ કાર્ડ |
| • carte de libéré conditionnel | • પેરોલ મેળવનાર કાર્ડ |
| • avis de cotisation ou d'évaluation de l'impôt foncier | • મિલકત વેરો આકારણી અથવા મૂલ્યાંકન |
| • carte de transport en commun | • જાહેર પરિવહન કાર્ડ |
| • carte d'assurance sociale | • સોશિઅલ ઇન્શુઅરન્સ નમ્બર કાર્ડ |
| • document de propriété d'un véhicule | • વાહન માલિકી |
| • carte d'identité de santé d'Anciens Combattants | • વેટરન્સ અફેર્સ હેલ્થ કેર આઇડેન્ટફકેશન કાર્ડ |
| **D'Élections Canada** | **ઈલેક્શન્સ કેનેડા પાસેથી** |
| • formulaire de révision ciblée remis aux résidents d'établissements de soins de longue durée | • ચૂંટણી કેનેડાથી લાંબા કાલની દેખરેખ સુવિધાના નિવાસીઓ માટે લક્ષ્યાંકિત પુનરાવર્તન ફોર્મ |
| • carte d'information de l'électeur | • વોટર ઈન્ફર્મેશન (મતદાતા માહિતી) કાર્ડ |
| **D'un établissement d'enseignement** | **શૈક્ષણિક સંસ્થા પાસેથી** |
| • correspondance provenant d'une école, d'un collège ou d'une université | • શાળા, કૉલેજ કે યુનિવર્સિટી દ્વારા જારી પત્ર વ્યવહાર |
| • carte d'identité d'étudiant | • વિદ્યાર્થી ઓળખપત્ર |
| **D'un établissement ou d'un organisme de soins de santé** | **આરોગ્ય સંભાળ લેનાર સગવડ કે સંસ્થા પાસેથી** |
| • carte de donneur de sang | • બ્લડ દાતા કાર્ડ |
| • carte de l'INCA | • સી.એન.આઇ.બી. કાર્ડ |
| • carte d'hôpital | • હોસ્પિટલ કાર્ડ |
| • étiquette sur un contenant de médicaments sous ordonnance | • પ્રિસ્ક્રિપ્શન કન્ટેનર પર લેબલ |
| • bracelet d'identité délivré par un hôpital ou un établissement de soins de longue durée | • હોસ્પિટલ અથવા લાંબા કાલની દેખભાલની સુવિધા દ્વારા જારી ઓળખ કંકણ |
| • carte d'une clinique médicale | • મેડિકલ ક્લિનિક કાર્ડ |
| **D'une institution financière** | **નાણાકીય સંસ્થા પાસેથી** |
| • état de compte bancaire | • બેંક સ્ટેટમેન્ટ |
| • carte de crédit | • ક્રેડિટ કાર્ડ |
| • relevé de carte de crédit | • ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટ |
| • état de compte d'une caisse populaire | • ક્રેડિટ યુનિયન સ્ટેટમેન્ટ |
| • carte de débit | • ડેબિટ કાર્ડ |
| • certificat, police ou relevé d'assurance | • વીમા પ્રમાણપત્ર, પોલિસિ અથવા સ્ટેટમેન્ટ |
| • convention hypothécaire ou état de compte de prêt hypothécaire | • મોર્ટગેજ કરાર અથવા સ્ટેટમેન્ટ |

| | |
|---|---|
| • état des prestations d'un régime de retraite | • પેન્શન પ્લાન સ્ટેટમેન્ટ |
| • chèque personnel | • વ્યક્તિગત ચેક |
| **D'un organisme privé** | **ખાનગી સંસ્થા પાસેથી** |
| • carte d'employé | • કર્મચારી કાર્ડ |
| • bail ou sous-bail d'habitation | • રેસિડેન્શિયલ (આવાસીય) લીઝ કે પેટા-લીઝ |
| • facture d'un service public (p. ex. électricité, eau, services de télécommunication, comme le téléphone, la télévision par câble ou la télévision par satellite) | • યુટિલિટી (ઉપયોગિતા) બિલ (દા.ત.: વીજળી; પાણી; ટેલિફોન, કેબલ કે સેટેલાઇટ સહિતની ટેલિકોમ્યુનિકેશન્સ સેવાઓ) |
| **Lettres de confirmation** | **કન્ફર્મેશન લેટર્સ (સમર્થન (પાકુ કરતા) પત્રો)** |
| • lettre d'un curateur public ou d'un tuteur public | • પબ્લિક ક્યુરેટર (જાહેર વસ્તુપાલ), પબ્લિક ગાર્ડિયન (વાલી) કે પબ્લિક ટ્રસ્ટીનો પત્ર |
| • lettre de confirmation de résidence délivrée par l'autorité responsable d'une bande ou d'une réserve des Premières Nations ou une autorité locale inuite | • ફર્સ્ટ નેશન્સ બેન્ડ કે રિઝર્વ કે ઇનુઇટ (Inuit) સ્થાનિક સત્તાવાળાનો નિવાસી હોવાનું મંજૂર કરતો પત્ર |
| • lettre de confirmation de résidence, attestation de séjour, formulaire d'admission ou relevé de prestations délivré par l'autorité responsable :<br>– d'une résidence pour étudiants<br>– d'une résidence pour personnes âgées<br>– d'un établissement de soins de longue durée<br>– d'un refuge<br>– d'une soupe populaire<br>– d'un établissement résidentiel communautaire | • નિવાસી હોવાનું મંજૂર કરતો પત્ર, લેટર ઓફ સ્ટે (રોકાણ પત્ર), એડમિશન ફોર્મ, અથવા નીચેની નિયુક્ત સંસ્થાઓમાંથી એકનું લાભોનું નિવેદન (બેનિફિટ્સ સ્ટેટમેન્ટ):<br>– વિદ્યાર્થી નિવાસી<br>– વડીલ નિવાસી<br>– લાંબા-સમયની સંભાળ સંસ્થા<br>– આશ્રયસ્થાન (શેલ્ટર)<br>– સૂપ કિચન<br>– સમુદાય-આધારિત આવાસીય સગવડ |

વધારાના ID (ઓળખપત્રો) ઉમેરવામાં આવે તેવું બની શકે. અમે ઇ-સ્ટેટમેન્ટ્સ અને ઇ-ઇનવોઇસીસ સ્વીકારીએ છીએ. તેનું પ્રિન્ટ કાઢો અથવા મોબાઇલ ડિવાઇસ પર તે દેખાડો.

### વિકલ્પ 3



+



**જો તમારી પાસે કોઇ ID ના હોય**

તમે તો પણ મત આપી શકો છો જો તમે તમારી ઓળખ અને સરનામું લેખિતમાં જાહેર કરો અને તમારે તમારાથી પરિચિત કોઇ વ્યક્તિ હોય અને
તમારા માટે સાક્ષી તરીકે કે જવાબ આપવા તમારા પોલિંગ સ્ટેશન પર ફાળવવામાં આવી હોય.
પરિચિત વ્યક્તિએ પોતાની ઓળખ અને સરનામું અચૂક સાબિત કરવું રહ્યું. કોઇ વ્યક્તિ માત્ર એક જ વ્યક્તિ માટે પરિચિત હોવાનું જાહેર કરી શકે છે (લાંબા-સમયની સંભાળ સંસ્થાઓ સિવાય).

સ્વીકાર્ય ID (ઓળખપત્રો)ની સંપૂર્ણ યાદી બહુવિધ ભાષાઓમાં વેબસાઇટ પર ઉપલબ્ધ છે, **elections.ca**.
અન્ય સ્વરૂપો (ફોર્મેટ્સ) માટે, જેમ કે બ્રેઇલ અને ઓડિયો માટે, ફોન કૉલ કરો, **1-800-463-6868**.